# રાજ્ય પરીક્ષા બોર્ડ,ગુજરાત રાજ્ય, સેક્ટર-૨૧,ગાંધીનગર

## "સંશોધન અને તાલીમ સહાયક પરીક્ષા – ૨૦૨૪" પરીણામનું જાહેરનામું

**જાહેરનામાં: ક્રમાંક:રાપબો/STSP/પરીણામ/૨૦૨૪/૧૦૯૫૦-૯૯૩** **તા:૨૧/૧૨/૨૦૨૪**

શિક્ષણ વિભાગ, ગાંધીનગરનાં ઠરાવ ક્રમાંક:ED/MIS/e-file/3/૨૦૨૩/૪૭૪૭/N, તા:૦૨/૦૮/૨૦૨૪ અન્વયે ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરીષદ (જી.સી.ઈ.આર.ટી.) અને જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનોનાં સંશોધન અને તાલીમ સહાયકની જગ્યાઓ ૧૧ માસનાં કરારથી કામગીરી કરાર માટે ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરીષદ, ગાંધીનગર દ્વારા ક્રમાંક:૧/૨૦૨૪-૨૫/૨૧૪૧૩-૪૪૮, તા:૨૧/૦૯/૨૦૨૪ થી જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. જે અનુસાર "સંશોધન અને તાલીમ સહાયક પરીક્ષા – ૨૦૨૪(પ્રાથમિક કસોટી)" નુ આયોજન તા:૦૮/૧૨/૨૦૨૪, રવિવારના રોજ અમદાવાદ (ગ્રામ્ય), રાજકોટ, સુરત અને વડોદરા કેન્દ્ર ખાતે કરવામાં આવેલ હતું.

"સંશોધન અને તાલીમ સહાયક પરીક્ષા – ૨૦૨૪ (પ્રાથમિક કસોટી)"ની પ્રોવિઝનલ આન્સર કી તા:૧૦/૧૨/૨૦૨૪ ના રોજ કચેરીની વેબસાઇટ પર પ્રસિધ્ધ કરવામાં આવેલ હતી અને આ પરીક્ષાના પ્રશ્નપેપરના કોઈ પ્રશ્ન/પ્રોવિઝનલ આન્સર કીનાં ઉત્તર સામે ઉમેદવાર રજૂઆત કરવા માગતા હોય તો નિયત પત્રકમાં તા:૧૦/૧૨/૨૦૨૪ થી તા:૧૩/૧૨/૨૦૨૪ સુધીમાં તમામ વિગતો ભરીને જરૂરી માન્ય આધારોને સાથે રાજ્ય પરીક્ષા બોર્ડના ઇ-મેલ એડ્રેસ: sebg.query@gmail.com પર મોકલી આપવા સૂચના આપવામાં આવેલ હતી.

ઉમેદવારો દ્વારા પ્રશ્નપેપરના કોઈ પ્રશ્ન/પ્રોવિઝનલ આન્સર કીનાં ઉત્તર સામે મળેલ રજૂઆતોની ચકાસણી કરી પ્રોવિઝનલ આન્સર કીમાં આપેલ ઉત્તરોમાં જરૂરી સુધારા કરી તા:૧૯/૧૨/૨૦૨૪ના રોજ રા.પ.બો.ની વેબસાઇટ પર ફાઇનલ આન્સર કી પ્રસિદ્ધ કરવામાં આવેલ હતી. જે ધ્યાને લઈ રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા તા:૦૮/૧૨/૨૦૨૪ (રવિવાર) ના રોજ યોજાયેલ "સંશોધન અને તાલીમ સહાયક પરીક્ષા – ૨૦૨૪ (પ્રાથમિક કસોટી)"માં હાજર ઉમેદવારોનું પરીણામ આજ તા:૨૧/૧૨/૨૦૨૪ ના રોજ નીચેની વિગતે બોર્ડની વેબસાઇટ **www.sebexam.org** પર જાહેર કરવામાં આવે છે.

❖ **પરીણામની વિગતો:**

| Registered | Absent | Present | Qualified for mains Exam |
|---|---|---|---|
| 2157 | 738 | 1419 | 873 |

❖ **અગત્યની સૂચનાઓ**

- શિક્ષણ વિભાગ, ગાંધીનગરનાં ઠરાવ ક્રમાંક:ED/MIS/e-file/3/૨૦૨૩/૪૭૪૭/N, તા:૦૨/૦૮/૨૦૨૪ મુજબ "સંશોધન અને તાલીમ સહાયક પરીક્ષા – ૨૦૨૪" કુલ ગુણ ૨૦૦ માંથી ૧૦૦ (૫૦%) કે તેથી વધુ ગુણ મેળવેલ હોય તેવા ઉમેદવારોને મુખ્ય પરીક્ષા માટે **Qualified** જાહેર કરવામાં આવેલ છે.
- આ પરીક્ષાનું પરિણામ બોર્ડની વેબસાઇટ www.sebexam.org પર મુકવામાં આવેલ છે. પરિણામ જોવા 'print Result' ઓપ્સન પર ક્લીક કરી પોતાનો **Seat Number** ટાઇપ કરી અને **date of birth** (જન્મ તારીખ) સીલેક્ટ/ક્લીક કરી submit button પર ક્લીક કરવાથી ઉમેદવાર પોતાનું પરિણામ જોઇ શકશે.
- જે ઉમેદવાર પોતાની OMR Sheet ની પુન:ચકાસણી કરાવવા માંગતા હોય તે ઉમેદવાર તા:૨૧/૧૨/૨૦૨૪ થી તા:30/૧૨/૨૦૨૪ સુધી રજાના દિવસો સિવાય કચેરી સમય દરમિયાન "રાજ્ય પરીક્ષા બોર્ડ, સરકારી પુસ્તકાલય પાસે, સેક્ટર-૨૧,ગાંધીનગર" ખાતે રૂબરૂ OMR Sheet ની ફાઇનલ આન્સર કી મુજબ પુન:ચકાસણી કરાવી શકશે. તા:30/૧૨/૨૦૨૪ કચેરી સમય બાદ OMR Sheet ની પુન:ચકાસણીની કોઇપણ રજૂઆત ગ્રાહ્ય રાખવામાં આવશે નહીં.

- OMR Sheet ની પુન:ચકાસણી કરાવવા માટે ઉમેદવારે પોતાની હોલટીકીટની નકલ તથા OMR Sheetની નકલ સાથે બોર્ડમાં લેખિત અરજી આપવાની રહેશે. આ ઉપરાંત OMR Sheet ની પુન:ચકાસણીની ફી પેટે રૂ! ૧૦૦/- રોકડમાં રાજ્ય પરીક્ષા બોર્ડની હિસાબી શાખામાં જમા કરાવવાના રહેશે.
- ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરીષદ, ગાંધીનગર દ્વારા ક્રમાંક:૧/૨૦૨૪-૨૫/૨૧૪૧૩-૪૪૮, તા:૨૧/૦૯/૨૦૨૪ના રોજ જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવેલ હતું જે મુજબ તે ઉમેદવારોને દ્વિતીય કસોટી (વર્ણાત્મક લેખિત સ્વરૂપ)માં ભાગ -1 કોમન રહેશે અને અને ભાગ-2 પ્રાથમિક કસોટીમાં BED METHOD ના જે વિષયમાં પરીક્ષા પાસ આપેલ છે તે જ વિષયમાં દ્વિતીય કસોટી આપવાની રહેશે.(આપેલ પ્રથમ કસોટીમાં પેપર-૨ જે વિષયમાં પરીક્ષા આપી હશે તે જ વિષયમાં આ પરીક્ષાના ભાગ-૨ની પરીક્ષા આપવાની રહેશે.)
- દ્વિતીય કસોટી (વર્ણાત્મક લેખિત સ્વરૂપ) માટે અત્રેની કચેરીની વેબસાઈટ www.senexam.org પર મૂકવામાં આવેલ અભ્યાસક્રમ, ઠરાવ અને જાહેરનામું આગાઉ મુજબ જ રહેશે.
- દ્વિતીય કસોટી સંભવિત તારીખ:૧૯/૦૧/૨૦૨૫ ના રોજ યાજાશે.

❖ **દ્વિતીય કસોટી (વર્ણાત્મક લેખિત સ્વરૂપ) માટે ફી:-**

- તમામ કેટેગરીના ઉમેદાવારો માટે દ્વિતીય કસોટીની પરીક્ષાની ફી ૩૦૦/- (અંકે રૂપિયા ત્રણસો પૂરા)તેમજ GST PAYMENT GATEWAY SERVICE CHARGE ભરવાનો રહેશે.
- કોઈપણ સંજોગોમાં ભરેલ ફી પરત કરવામાં આવશે નહી.

❖ **ફી ભરવાની પદ્ધતિ:-**

- તા:૨૬/૧૨/૨૦૨૪ (બપોરાના ૦૨.૦૦ કલાક) થી તા:-૩૧/૧૨/૨૦૨૪ના (રાત્રીના ૨૩.૫૯ કલાક) દરમિયાન http://www.sebexam.org પર જે ઉમેદાવરો પ્રાથમિક કસોટીમાં **Qualified** થયેલ છે, તે ઉમેદાવારોએ જ ઓનલાઈન ફી ભરાવાની રહેશે.
- ઉમેદવાર ઓનલાઇન પેમેન્ટ ગેટવે દ્વારા ATM CARD/NET BANKING થી પરીક્ષા ફી ભરી શકશે. ઓનલાઇન ફી જમા કરાવવા માટે "Print Application/Pay Fees" ઉપર ક્લીક કરવું અને વિગતો ભરવી. ત્યાર બાદ "Online Payment" ઉપર ક્લીક કરવું. ત્યારબાદ આપેલ વિકલ્પોમાં "Net Banking of fee" અથવા "Other Payment Mode" ના વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરવો અને આગળની વિગતો ભરવી. ફી જમા થયા બાદ ફી જમા થઇ ગઇ છે તેવું screen પર લખાયેલું જોવા મળશે અને e-receipt પણ મળશે તેની પ્રિન્ટ કાઢી લેવાની રહેશે. જો પ્રક્રિયામાં કોઇ ખામી હશે તો Screen પર ફી ભરાયેલ નથી તેમ જોવા મળશે.
- ઓનલાઇન ફી ભરનાર ઉમેદવારે જો તેના બેંક ખાતામાંથી ફીની રકમ કપાયા બાદ ફીની e-receipt જનરેટ ન થઇ હોય તો તેવા ઉમેદવારોએ તાત્કાલિક ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરીષદ, ગાંધીનગર ના ઇ-મેલ (gcert21@gmail.com) ઉપર સંપર્ક કરવાનો રહેશે.
- ઉમેદવાર ઓનલાઈન પેમેન્ટ ગેટવે દ્વારા Debit CARD BANKING/UPI થી પરીક્ષા ફી ભારી શકાશે. ઓનલાઈન ફી જમા કરાવવા માટે "Print Application/Pay Fees" ઉપર કલીક કરવું અને વિગતો ભરવી.

(પી. કે. ત્રિવેદી)
અધ્યક્ષ
રાજય પરીક્ષા બોર્ડ
ગાંધીનગર

સ્થળ:ગાંધીનગર
તારીખ:૨૧/૧૨/૨૦૨૪

**<u>નકલ સવિનય રવાના જાણ સારૂ :</u>**

- માન. શિક્ષણમંત્રીશ્રીના અંગત સચિવશ્રી - શિક્ષણમંત્રીશ્રીનું કાર્યાલય, ગાંધીનગર.
- માન. રાજય કક્ષાના શિક્ષણમંત્રીશ્રીના અંગત સચિવશ્રી - શિક્ષણમંત્રીશ્રીનું કાર્યાલય, ગાંધીનગર.
- માન. સચિવશ્રીનાં અંગત મદદનીશશ્રી, શિક્ષણ વિભાગ, નવા સચિવાલય, ગાંધીનગર.
- માન. નાયબ સચિવશ્રી, પ્રાથમિક શિક્ષણ, નવા સચિવાલય, ગાંધીનગર.
- માન. નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, બ્લોક નં.૯/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- માન. નિયામકશ્રી,ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, ગુજરાત રાજય, ગાંધીનગર.
- સચિવશ્રી, સર્વ શિક્ષા અભિયાનની કચેરી, ગાંધીનગર.
- પ્રાચાર્યશ્રી, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, તમામ.